# તેલ કા ખેલ

ન બોલવામાં નવ ગુણ
★ નટવર પંડયા


મારા એક પડોશી મિત્ર માફકસર હાંફતા હાંફતા મારે ઘેર દોડી આવ્યા અને મને કહ્યું, “પેલો અમેરિકાનો ટ્રમ્પ વેનેઝુએલાના પ્રમુખને તેના ઘરમાંથી ઉપાડી લાવ્યો!’ હું બરાબર સમજ્યો નહીં મેં પૂછ્યું, “કોને ઉપાડી લાવ્યો? મિત્રે કહ્યું, ‘ નિકોલસ માદુરોને ઉપાડી લાવ્યો.” મેં કહ્યું, “અચ્છા, નિકોલસ અને માધુરીને ઉપાડી લાવ્યો એમ ને!” મિત્ર કહે, “યાર તમે સમજ્યા નહીં.” હું મારા હાસ્યલેખ વિશે વિચારતો હતો એટલે મેં કહ્યું, “એ જાય તેલ લેવા! આપણે શું!” મિત્રે કહ્યું, “ તે તેલ લેવા જ ગયા તા!”

મારા માટે મારી પોતાની સમસ્યાઓ પૂરતી હોવાથી હું આંતરરાષ્ટ્રીય સમસ્યાઓમાં માથું મારતો નથી. મિત્રની પણ એ જ સ્થિતિ છે તેના ઘરમાં પણ ધીમા તાપે સળગતી કેટલીક સમસ્યાઓ છે. તેથી તેઓ તેનાથી કંટાળીને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓમાં વધુ રસ લે છે તેથી તેમની ડોમેસ્ટિક સમસ્યાઓ વકરી રહી છે. મિત્ર અમેરિકાની એવળચંડાઈ વિશે વિગતે સમજાવતા હતા કે “મૂળ આ મામલો તેલનો છે!”

મેં કહ્યું, “અલ્યા, તેલ માટે તે કોઈને ઉપાડી લવાતા હશે! બહુ બહુ તો એના ઘરમાંથી તેલનો ડબ્બો ઉપાડી લેવાય! કંઈ ઘરધણીને થોડા ઉપાડી લેવાય! અમારા ઘરમાં અચાનક તેલ ખૂટી પડે તો અમે પડોશીને ત્યાંથી બે ચાર પાવરી ઉછીનું લાવીએ અને પછી આપી દઈએ. તેલ માટે તે કઈ ડખા કરાતા હશે!” ત્યાં જ મિત્રના પત્ની પતિના પગલે ચાલીને એટલે કે પગેરું દબાવતા (તેઓ પતિના પગ દબાવતા નથી પણ પગેરું દબાવે છે.) અમેરિકાના ટ્રમ્પની જેમ મારે ઘેર ચડી આવ્યા અને પતિને જાહેરમાં ખખડાવતા બોલ્યા, “તમને ત્રણ મહિનાથી કહું છું કે તેલનો ડબ્બો લાવવાનો છે અને છતાંય લાવતા નથી. આજે તો તેલનો ડબ્બો લાવશો તો જ ઘરમાં પગ મુકવા દઈશ!” આટલું કહીને જેમ માદુરોને ટ્રમ્પ ખેંચી ગયો તેમ પતિને ખેંચી ગયા. ત્યારે મને થયું કે અહીં પણ મામલો તેલનો જ છે અને આ મામલો ગમે ત્યારે બીચકે તેમ છે. હવે હું વચ્ચે બોલીશ તો બળતામાં તેલ રડાશે એટલે હું એ દુર્ઘટનાનો મૂક સાક્ષી બની રહ્યો. હવે ઘેર જઈને મિત્રની કેવી દશા થશે તે મને સમજાઈ ગયું તેના પરથી માદુરોની દશા અને દિશા બંને સમજાઈ ગઈ.

અગાઉ પણ અમેરિકાએ આપણને રશિયા પાસેથી તેલ નહીં ખરીદવાની ધમકી આપી હતી. કેમ જાણે આપણે તેના પૈસે તેલ ખરીદતા હોય. ઈરાનમાં પણ લાગે છે કે તેલ કા ખેલ શરૂ થઈ ગયો છે. વેનેઝુએલાના પ્રમુખને ઉપાડી લાવવાના મુદ્દે ટ્રમ્પ કહે છે કે તે ડ્રગ્સના કારોબારમાં સંડોવાયેલા છે અને દુનિયાને ડ્રગ્સમુક્ત કરવાના ભાગરૂપે અમે તેને ઉપાડી લાવ્યા છીએ. આ બધી ઉપરની વાતો હોય છે અંદરનો મામલો જુદો જ હોય છે. ચોરેને ચૌટે એવું ચર્ચાય છે કે મૂળ મામલો વેનેઝુએલાનું તેલ પચાવી પાડવાનો છે. આમ પણ તેલ પચવામાં ભારે હોય છે તેલ પચે નહીં એટલે પેટમાં દુખે, પણ આમાં તો બે બેઉ પક્ષે પેટમાં દુઃખે. દુનિયાના ઘણા દેશોને દુખ્યું છે. જેમ કે વેનેઝુએલા પાસે દુનિયાનો સૌથી મોટો તેલભંડાર છે એટલે તેને તેલ પચ્યું નહિ ને પેટમાં દુખ્યું. આ બાજુ વેનેઝુએલાનો તેલભંડાર જોઈને અમેરિકાને પણ પેટમાં દુખ્યું. જેમ ખાલી બંદૂકથી બેઉ જણ બીવે એમ તેલભંડારથી બેઉ પક્ષોને (દેશોને) પેટમાં દુખે. કહે છે કે વધુ પડતું તેલ ખાવાથી ગેસ થાય. ટ્રમ્પને તેલ ખાધા વિના ગેસ થઈ ગયો એટલે તેનો ગેસ તેલ ખાવાથી જ ટાઢો પડશે. વળી દુનિયામાં જ્યાં જ્યાં તેલ હોય છે ત્યાં ગેસ પણ હોય છે.

તેલ વિના માણસ કે વાહન બેમાંથી એકેય ચાલી શકતા નથી, પણ તેઓ પ્રમાણભાન રાખીને તેલ ખાય તો બરાબર ચાલી શકે. માણસ જો વધુ પડતું તેલ ખાય તો હાર્ટને વસમું લાગે, શરીર ભારે થઈ જાય. ક્યારેક અધવચ્ચે અટકી પડે. વાહન પણ વધુ પડતું તેલ ખાય તો અધવચ્ચે અટકી પડે. જો વાહન અટકે તો ય માણસને તકલીફ પડે.




આખી દુનિયા તેલની મોહતાજ છે અને તે છે મીટ્ટી કા તેલ, એટલે કે ખનીજ તેલ. સાઉદી અરેબિયા, ઈરાન, ઈરાક વગેરે દેશો પાસે જબરદસ્ત તેલભંડાર હોવાને કારણે માલામાલ થઈ ગયા જ્યારે દુનિયાનો સૌથી મોટો તેલ ભંડાર ધરાવનાર વેનેઝુએલા પાયમાલ થવાના આરે છે. દુનિયાના બધા જ મોટા તેલ ભંડારો પર ટ્રમ્પની મેલી નજર છે પણ જ્યાં ટ્રમ્પ નજર બગાડે ત્યાં તેની આંખમાં સોય ભોકી દે એવા દેશોથી એ ભાઈ છેટા રહે છે. ચીન, રશિયા, ઉત્તર કોરિયા તો સોય નહીં પણ ભાલો ભોંકી દે એવા છે. એટલે ત્યાં અડપલુ કરતા નથી. બાકી તો જેમ દૂધ હોય ત્યાં બિલાડું આવે તેમ તેલ હોય ત્યાં ટ્રમ્પ આવે. તેથી વેનેઝુએલાનું તેલ કાઢી નાખવા માટે તેના પ્રમુખ માદુરોને ડ્રગ્સના મુદ્દે દબોચ્યા અને પરાણે વિદેશયાત્રા કરાવી છે. આમ જુઓ તો વિદેશના લોકોને પોતાને ત્યાં આવવા માટે અમેરિકા જલ્દી વિઝા આપતું નથી. જ્યારે માદુરોને વગર વિઝાએ અમેરિકા દર્શન કરાવવા લઈ આવ્યા.

**મારા માટે મારી પોતાની સમસ્યાઓ પૂરતી હોવાથી હું આંતરરાષ્ટ્રીય સમસ્યાઓમાં માથું મારતો નથી. મિત્રની પણ એ જ સ્થિતિ છે તેના ઘરમાં પણ ધીમા તાપે સળગતી કેટલીક સમસ્યાઓ છે. તેથી તેઓ તેનાથી કંટાળીને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓમાં વધુ રસ લે છે તેથી તેમની ડોમેસ્ટિક સમસ્યાઓ વકરી રહી છે**

કવિ કલાપીએ કહ્યું છે કે ‘જે પોષતું તે મારતું એવો દીસે ક્રમ કુદરતી.’ એ રીતે તેલચક્ર ચાલી રહ્યું છે. આજકાલ લોકો ઝઘડે ત્યારે કહે છે કે ‘તને બહુ ચરબી ચડી ગઈ છે.’ પણ હવે પછી એવું કહેવાશે કે ‘તને મગજમાં બહુ તેલ ભરાઈ ગયું છે.’

જબરદસ્ત તેલભંડાર ધરાવનાર કુવૈતને હડપ કરવાનો જ્યારે ઈરાકે સંનિષ્ઠ પ્રયાસ કરેલો તો ત્યાં પણ ઈરાકને અમેરિકા નડી ગયું. અમેરિકાએ ઈરાકને કહ્યું કે હું તને પારકું તે હડપ કરવા નહીં દઉં. (કરું તો હું જ કરું.) પણ હવે વેનેઝુએલાનું તેલ કાઢવામાં અમેરિકાને કોઈ નડી શકે એવું લાગતું નથી.

કેટલાક દેશોમાં જાણે કે તેલની નદીઓ વહે છે પણ જ્યાં તેલના ભરપૂર ભંડાર છે ત્યાં પાણીની અછત છે એટલે તે દેશોમાં પાણીના ભાવે તેલ વેચાય છે અને પાણી તેલના ભાવે વેચાય છે. આમ તેઓ તેલ વેડફી શકે છે પણ પાણી બચાવે છે. આપણે ત્યાં તેલની બહુ ઊંચી કિંમત છે તેથી લોહી બાળીને તેલ ખરીદવું પડે છે. તેથી આપણે તો તેલ ખરીદવામાં જ પૈસાનું પાણી થઈ જાય છે, આપણે બળતણનું તેલ અને ખાદ્યતેલ બંને પ્રકારના તેલ મોંઘા છે. છતાં લોકો તેલનો ખૂબ ઉપયોગ કરે છે. ખાદ્યતેલના મુદ્દે તો ચંદ્રકાંત બક્ષીએ લખ્યું છે કે ‘ગુજરાતીઓનો આત્મા સીંગતેલમાં તરી રહ્યો છે.’ તેથી ગુજરાતીઓ માટે એમ પણ કહી શકાય કે ‘તેલ એ ગુજરાતીઓના આત્માનો ખોરાક છે’ અને પેટ્રોલિયમ એ વાહનના આત્માનો ખોરાક છે.

લાગતા-વળગતા દેશોએ સાવધાન રહેવું કે જો પોતાની પાસે તેલનો મોટો જથ્થો હશે તો તે તેલ સાચવવાની ત્રેવડ પણ રાખવી પડશે, નહિ તો અમેરિકા, ચીન, રશિયા જેવા બળકટ દેશો તેલને કારણે તમારું લોહી પી જશે. હવે એકબીજા દેશોના સંબંધોમાં તેલ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેથી પેલો ફિલ્મી ડાયલોગ યાદ આવે કે ‘તુમ્હારા ખૂન ખૂન, ઓર હમારા ખૂન પાની!’ એ જ રીતે વેનેઝુએલાના લોકો અમેરિકાને કહેશે કે ‘તુમ્હારા તેલ તેલ, ઔર હમારા તેલ પાની!’ આપણે ત્યાં કહેવત છે કે ‘તેલ જુઓ અને તેલની ધાર જુઓ!’ (‘શાક જુઓ અને શાકનો વઘાર જુઓ.’ ‘મૂછ જુઓ અને મૂછનો પ્રભાવ જુઓ’ આવું પણ ઉમેરી શકાય.) એ જ રીતે મોટા પ્રમાણમાં તેલ ધરાવનાર દેશોએ પણ કોઈપણ દેશો સાથે સંબંધ બાંધતા પહેલા ‘તેલ જુઓ અને તેલની ધાર જુઓ’ની નીતિ અપનાવી પડશે.

તેલને કારણે થયેલા બખેડામાં ખાસ કરીને નાના અને ગરીબ દેશો એવા ભયંકર રીતે દાઝ્યા કે હજુ સુધી તેમને પૂરેપૂરી રુઝ આવી નથી. યુરોપ, અમેરિકા, ચીન, રશિયાની મહાકાય ઓઈલ કંપનીઓ ગરીબ દેશોમાં તેલ સંશોધન કરી રહી છે. તેમની પાસે એવા એવા આધુનિક સાધનો છે કે પૃથ્વીના પેટાળમાં કેટલું તેલ છે તે તેઓ જાણી શકે છે, પણ તેલ કાઢનાર કંપનીઓના પેટમાં કેટલું પાપ છે તે જાણવાના કોઈ સાધનો કોઈની પાસે નથી. માટે હવે એવા સાધનો પણ વિકસાવવા પડશે અને ગરીબ દેશોએ વહેલી તકે વસાવવા પડશે અને આવી મહાકાય કંપનીઓના પેટના પાપનું માપ કાઢ્યા પછી જ તેમને તેલ કાઢવાનો કોન્ટ્રાક્ટ આપવા અંગે વિચારવાનું રહેશે.

## ગરમાગરમ

ઈકોનોમિક્સના પ્રોફેસરે લેક્ચરને અંતે વિદ્યાર્થીઓને પૂછ્યું, “ગરીબી રેખા એટલે શું? સમજાવો.”

એક સ્ટુડન્ટે કહ્યું, “સર, રેખા દરરોજ અમારી શેરીમાંથી નીકળે છે તે ત્રણ દિવસથી એકનો એક ડ્રેસમાં પહેરે છે, તેના ચપ્પલ પણ એકના એક જ હોય છે. તેના ચહેરા પર મેકઅપ નથી હોતો, તેની પાસે સ્કૂટર નથી..” સાહેબે તેને અધવચ્ચે અટકાવીને કહ્યું, “તેને ‘રેખાની ગરીબી’ કહેવાય. હું ‘ગરીબી રેખા’ વિશે પૂછું છું.” •